રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૯-૭-૨૦૧૮

ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૧૧)નો.ર.નં.૧૧-૭૨૦૧૮-ક.

વંચાણે લીધા :-

૧: રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૭-૭-૨૦૧૨ના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ- સ્થા.સ્વ. -૨૨૧ (૧૧)-નો.ર નં.૧૧-૭૨૦૧૨-ક.

૨: રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૮-૫-૨૦૧૮ના જાહેર નોટિસ ક્રમાંક : રાચઆ-ચટણ- સ્થા.સ્વ.-૨૨૧(૧૧) નો.ર.નં.૧૧-૫૨૦૧૮-ક

**આદેશ :**

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ક અને ૨૪૩-વ ક ની જોગવાઈ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૧૧)-નો.ર નં.૧૧-૭૨૦૧૨-ક તા.૧૭-૭-૨૦૧૨થી **લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટી**ને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરેલ છે.

ઉપરોક્ત પક્ષે તેઓના તા.૨૭-૩-૧૮ના પત્રથી **"ટેલીફોન"** પ્રતીક નવું આપવા આયોગને જણાવેલ તે અન્વયે ઉક્ત પક્ષને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે **"ટેલીફોન"** પ્રતીક ફાળવવા વિચારેલ અને આ પક્ષને **"ટેલીફોન "** નવેસરથી પ્રતીક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે વંચાણે લીધા (૨) તા.૧૮-૫-૨૦૧૮ ની જાહેર નોટિસ આપવામાં આવેલ. પ્રતીક ફાળવવા સામે કોઈ વાંધા, સલાહ સૂચન રાજ્ય ચૂંટણી આયોગને મળેલ નથી.

પુખ્ત વિચારણાના અંતે **લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટીને "ટેલીફોન"** પ્રતીક કામચલાઉ ધોરણે રાજ્ય ચૂંટણી આયોગના તા.૮-૨-૨૦૧૨ ના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સ્થા.સ્વ. -૨૨૧ (૧) - ૨૨૦૧૨-ક તથા આયોગના તા.૨૨-૧-૨૦૧૮ના સુધારા આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સ્થા.સ્વ.૨૨૧(૧) - ૧૨૦૧૮ -ક,અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરવામાં આવે છે.

P.T.O

લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટીને ફાળવેલ "ટેલીફોન" પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે, જે પક્ષે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનું રહેશે.



રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

(મહેશ જોશી)
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

પ્રતિ,
પ્રમુખશ્રી,
લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટી,
ઈ–૨, ઓલ્ડ સોસાયટી, સૈજપુર રેલ્વે સ્ટેશન પાસે,
સૈજપુર બોઘા,
અમદાવાદ

નકલ સવિનય રવાના :–

- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના:–

- કલેકટરશ્રી, તમામ
- સર્વે ચૂંટણી અધિકારીઓ ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકા (કલેકટરશ્રી મારફત)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
- રાજ્ય ચૂંટણી આયોગના સર્વે અધિકારીશ્રી/શાખાઓ
- રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા સર્વે રાજકીય પક્ષો
- કચેરી નોટિસ બોર્ડ ઉપર

નકલ રવાના :–

વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર
... આ આદેશ આજની તારીખના અસાધારણ સરકારી રાજ્યપત્રમાં ભાગ–૪ સી માં પ્રસિધ્ધ કરવા અને ગેઝેટની ૧૦ નકલ આ કાર્યાલયને તથા ૫ નકલો કલેકટરશ્રી તમામને તથા ૫ નકલો જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામને બારોબાર મોકલવા વિનંતી સહ.